Dt. 05/08/2024

Issue : 11

# OAJATVA
# ଓଜତ୍ୱ

A Magazine by OAJ EDUCATION SYSTEM

Honesty • Transparency • Dedication

OAJ®

INSTITUTE OF SCIENCE



OAJATVA
ઓજત્વ
A Magazine by OAJ EDUCATION SYSTEM



***Dedicated to Almighty God***

**OAJ INSTITUTE OF SCIENCE**

**Publisher : *N. D. Dave***
Chairman & Founder
Oaj Institute of Science
Bhavnagar.

**Editor : *Dhiren Soni***
Managing Director
Oaj Institute of Science
Bhavnagar.

: Chief Advisor :
**Jignasha Mehta**

## MEMBERS :

- Expert Column : **Omkar Sir**
- Tech Bar : **Arjun Sir**
- Ramanujan : **Bhavesh Sir**
- Art Corner : **Arjun Sir**
- ઓજસ્વીની કલમ : **Dhruvit Sir**
- Think-A-Thon : **Hiren Sir**
- માહિતીનો મહાસાગર : **Darshan Sir**
- Unknown Freedom Fighter : **Paras Sir**
- Life Value : **Priyanka Ma'am**
- સંભારણું : **Tapan Sir**

# INDEX


| No. | Content | Page No. |
|---|---|---|
| 1. | A Message from Chairman's Desk | 1-1 |
| 2. | Expert's Column | 2-3 |
| 3. | Tech bar | 4-6 |
| 4. | Ramanujan's Corner | 7-7 |
| 5. | Art Corner | 8-11 |
| 6. | ઓજસ્વીની કલમ | 12-16 |
| 7. | Think-A-Thon | 17-17 |
| 8. | Achievement | 18-18 |
| 9. | માહિતીનો મહાસાગર | 19-20 |
| 10. | Unknown Freedom Fighter | 21-22 |
| 11. | Life Values | 23-24 |
| 12. | સંભારણું | 25-26 |
| 13. | A Message from M.D's Desk | 27-27 |

પ્રિય વાચક મિત્રો,

નમસ્કાર,



*" A nurturing environment today cultivates the leaders and innovators of tomorrow."*

આપનો,

નિરવ દવે

ચેરમેન & ફાઉન્ડર,

ઓજ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ

# Expert's Column

## બગીચા સોસાયટીની વાર્ષિક સભા

બગીચા સોસાયટીની વર્ષોથી ચાલી આવતી પ્રથા કે ચોમાસું પૂરું થાય એટલે આખા વરસની આવક જાવકની ચર્ચા કરવી અને આવનાર વર્ષ માટે બજેટની ફાળવણી કરવી. સાંજે 4 : 30 નો સમય થતા જ સૌ પ્રથમ આવ્યા મૂળદાદા, મૂળદાદા સમયના પાક્કા જે સમય આપ્યો હોય એમાં ક્યારેય એક મિનિટ પણ મોડા પડે નહિ પાછા સ્વભાવના અત્યંત કડક પણ સૌનું ધ્યાન રાખે. ક્યારેય કોઈને ઓછુ આવા દે નહિ. તેઓ આવીને બેઠાને તરત બોલ્યા આ બધા ક્યારેય સુધરવાના નથી કોઈ ક્યારેય સમયસર આવે જ નહિ ત્યાં થોડીવારમાં આવ્યા થડકાકા ને ડાળીકાકી. ડાળીકાકી તો વળી સૌના વહાલા હંમેશા પ્રેમથી જ વાત કરે ને કોઈને પણ મદદ કરવાની ક્યારેય ના નહિ. ત્યાં દૂરથી નાચતી કુદતી કિલ્લોલ કરતી આવી આપણા પાંદડા ભાઈયો અને બહેનોની ટોળકી, મસ્તી કરવી ને રમવું શાંતિથી ક્યારેય બેસવું જ નહિ.

સૌનું આગમન થતા મૂળદાદા એ વાત શરૂ કરી, આ વર્ષે ચોમાસામાં ઘણી આવક થઈ છે એટલે આવતું વર્ષ બિરાતે નીકળી જશે બહુ કરકસર કરવી પડશે નહિ, એટલે સૌ લીલાછમ થઈને રહેજો બાકી તો પીળા કરમાઈ ને ક્યારેક રેહવું પડે છે. ત્યાં મૂળદાદ ને યાદ આવ્યું ને અવાજ મોટો કરતા પૂછ્યું આ ફૂલકુમાર ક્યાં છે? એને બીજાના સમયની ક્યારેય પડી નથી મોડો આવશેને આવીને પોતાની શેખી સારું કરી દેશે. હજી તો મૂળદાદા કહેતા જ હતા ત્યાં પધાર્યા ફૂલકુમાર.

સૌની સામે હાથ હલાવવા લાગ્યા જાણે કોઈ V.I.P ની રાહ જોવાતી હોય ને આવીને હાજરી આપી હોય. સૌ કોઈ એમની સામે જોતા રહી ગયા. આંખો પર કાળા ગોગલ્સ, રંગબેરંગી કપડા ને એમાં પણ ઓછું હોય એમ આખો બગીચો મેહકી ઊઠે એટલું અત્તર છાટયું હતું. પાંદડા ટોળકી ને તો એની ઈર્ષા થઈ આવી. ત્યાં તો ફૂલકુમાર એ વાતો સારું કરી you know હું બહુ બીઝી હોઉ છું એટલે આવામાં મોડું થઈ જાય. ક્યારેક મારે તાત્કાલિક મંદિરે તો ક્યારેક કોઈના ઘર ની શોભા વધારવા જવું પડે. હું તો લગ્ન ને મરણ પ્રસંગમાં પણ હાજરી પુરાવા જાઉં, મારી વગર લગ્ન તો જાણે અધુરા જ રહે. હું બહારની દુનિયામાં રહેવાવાળો વ્યકિત એટલે મને લેટેસ્ટ ફેશન ટ્રેન્ડ બધાની ખબર હોય. ફૂલકુમાર પોતાની ડંફાસ પૂરી કરવાનું નામ લે નહિ ને મૂળદાદાનો મગજ જાય.

થોડી વાર થઈ એટલે મૂળદાદા ઊભા થયા કહે, ફૂલકુમાર તું જો થોડી વાર તારી જીભ ને વિરામ આપ તો હું કંઈક કહું ? ફૂલકુમાર કહે, હા હા દાદા એમાં કઈ પુછવાનું હોય !

મૂળદાદા એ વાત શરું કરી, હું વર્ષોથી તમારા સૌનું ભરણ પોષણ કરું છુ, કોઈને ક્યારેય ઓછું નહિ અને વધારે પણ નહિ અછત હોય તો કરકસર કરી પણ તમને લીલું રાખવાનો પ્રયત્ન કરું છુ. આ થડકાકા વરસાદ, ઠંડી અથવા ગરમી હોય તો પણ અવિરતપણે ઊભા પગે આપણા સૌની ચોકી કરે છે. વળી ડાળી કાકીની તો વાત જ ન્યારી આખો દિવસ અહીંથી ત્યાં-ત્યાં થી અહીંયાં જુલ્યા કરે, સૌને એક સાથે બાંધી રાખે, ને આ પાંદડાઓ દિવસ-રાત હળીમળી ને રહે અને આપણા સૌનું

ભોજન બનાવે ત્યારે આપણે સૌ સ્વસ્થ અને સુખરૂપ રહીએ છે, અને છેલ્લા આવે તું, અમારો સૌનો પ્રિય ફૂલકુમાર. તારી આ સુંદરતા, સુગંધ-રૂપરંગ પાછળ અમારા સૌની નિષ્ઠા અને પરિશ્રમ છે. સૌને આદર સન્માન આપતા અને ઋણ યાદ રાખતા શીખ. અમારા સૌની વગર તારું અસ્તિત્વ જોખમાય જાય ત્યારે ફૂલકુમાર ને પોતાની ભૂલ સમજાણી અને તેને વિનમ્રતાથી સૌને પ્રણામ કર્યા અને આભાર માન્યો.પછી સૌએ હળી મળી ને વાતો ને મજા કરી.

તો મિત્રો,

આ તો થઈ એક ગમ્મતની વાત પણ ગંભીરતાથી વિચાર્યે તો આપણે સૌ જીવનમાં ક્યારેક ફૂલકુમાર જેવા થઈ જઈયે છીએ. આપણી સફળતામાં આપણે કયારેક આપણા પરિવારજનોએ આપેલો ભોગ, મેહનત, સમય ને આનંદને દરકિનાર કરી નાખીએ છીએ. યાદ રાખજો પૈસા હોય કે સફળતા જો આનંદ માણવા સાથે પરિવાર નહિ હોય તો એનો સાચો આનંદ માણી શકાતો નથી. આપણી સફળતામાં પરિવારના સભ્યો સીડી નથી પણ એક વૃક્ષ છે અને જો વૃક્ષથી છુટા પડી જાશો તો જીવન આજીવન લીલુંછમ નહિ રહે.



*- By Priyanka Trivedi*
*(Social science Faculty)*

# Tech bar

## Designer babies - [Biotechnology]

### Designer Babies

*A designer baby is a baby whose genetic makeup has been selected or altered, often to exclude a particular gene or to remove genes associated with disease.*



### How it can be done

*CRISPR designer babies are created by modifying DNA fragments to prevent and correct disease-causing genetic errors. CAS9 is a special technology which can remove or add certain types of genaes from a DNA molecule, and most recently has been used after fertilization for gene-edited embryos.*



# *First designer baby*



*His parents conceived him through in-vitro fertilization and preimplantation genetic diagnosis (PGD) so he could donate cord blood to Molly his sister, who was born with Fanconi anemia, and be free of the disease himself. Nash was born on August 29, 2000, by caesarean section. In October 2000, the blood from his umbilical cord was transplanted to his sister.*





# *Possibilities to hybridise human DNA with animal DNA*



*Human-animal hybrids mainly include humanized mice that have been genetically modified by xenotransplantation of human genes. Humanized mice are commonly used as small animal models in biological and medical research for human therapeutics.*

# *Most probable human hybrids in the future.*



*We share over 98% of our DNA with chimpanzees, so would it be possible to create a human-chimp hybrid: a 'humanzee' ?*






*- By Hiya Jambukiya*
*(9th - ED)*



*- By Diya Patel*
*(9th - ED)*

# Artificial Intelligence (A.I.)

The term "Artificial Intelligence" was coined in 1956 by John McCarthy. The first AI program called logical theorist was developed in 1956 by Allen Neweli and Herbert Simon. AI can learn from data and improve its performance over time, without being explicity progammed.

AI is a broad field that uncludes machine learning material language processing, robotics and computer vision. AI is used in various applications, Including virtual assistants, image recognition, self-driving cars and personalized recommenadations. The most common AI technique is machine learning, which involves training algorithms an large datasets.

AI has the potential to automate up to 50% of all jobs in the next 20 years. The global AI market is expected to reach $190 billion by 2025.






*- By Neel Gohel*
*(8th - EB)*

# Ramanujan's Corner

Here is a regular Pentagon, a Square and Circle the Pentagon and the Sqaure have the same perimeter, the area of the square is 25cm$^2$. What is the radius of the cirlce?





- By Yashasviba zala
(9th - ED)

# Art Corner





- By Suhan Kapasi
(7th - Guj)







*- By Pashv Andhariya*
*(Std- 6th - Eng)*



*- By Jiya Joshi*
*(8th - EA)*









- By Jenish Patel
($6^{th}$ - Eng)





- By Dwait Dave
(6th - Eng)



- By Daksh Makwana
(6th - Eng)






# ઓજસ્વીની કલમ

## Man & Nature

Roots of Earth are benarth my roof,
the hope of life is like blooming flower.

A man never sees the nature's beatuy,
he compares the nature with tall buildings.

Sun is shining, birds are chirping,
but man is busy with thier jobs for salary.

A beautiful garden is full of different flowers,
the sweet voice of sea's water is only waring.

Peace in forest vibes different,
but man want only noise of their neighbour.

Cute pandas and butterflies are playing,
but man is roaming here and there and wasting his time.

A dream house for from the city is blooming,
but the man wants their dream house in buildings.



*- By Khushi Gandhi*
*(9th - ED)*

# TEACHERS

**T** - Teaches us our 'ABC' fully ...

**E** - Explains my work so carefully ...

**A** - Always listens to our needs ....

**C** - Cares for children when they fall ...

**H** - Holds our hands when we are sad ...

**E** - Even dance when we are glad ...

**R** - Really loves our 'Super - class' ...

**S** - Soberly cares for the crying babies ....






*- By Hetvi Sorathiya*
*(9th - EB)*



# ગુરુ પૂર્ણિમા

ગુરુ પૂર્ણિમા અષાઢ સુદ પૂનમના દિવસે હોય છે. ગુરુ શબ્દ સંસ્કૃત ભાષાનો છે. શાસ્ત્રોમાં ગુ નો અર્થ અંધકાર થાય છે અને રુ નો અર્થ એટલે તેમાંથી બહાર લાવનાર. આમ ગુરુ એટલે અજ્ઞાનરૂપી અંધકારમાંથી બહાર લાવનાર તથા જ્ઞાનરૂપી પ્રકાશ આપનાર એવો થાય છે.

ગુરુ પૂર્ણિમાં હિન્દુ, બૌદ્ધ અને જૈન ધર્મમાં મનાવવામાં આવે છે. આ દિવસે શિષ્ય પોતાના ગુરુની પૂજા કરે છે. મહાભારતના રચયિતા વેદ વ્યાસનો જન્મ આ દિવસે થયો હતો. તેમના સન્માનમાં વ્યાસ પૂર્ણિમા નામથી પણ ગુરુ પૂર્ણિમા ઓળખાય છે. ગુરુ પૂર્ણિમાના દિવસે શિષ્ય પોતાના ગુરુને નમન કરી આશીર્વાદરૂપી જ્ઞાન મેળવે છે. હિન્દુ સંસ્કૃતિમાં માતા-પિતાની જેમ જ ગુરુનું સ્થાન ઊંચું અને પુજનીય મનાય છે. ગુરુ દિવાની જયોત છે. જે આપણા માર્ગમાં પ્રકાશ ફેલાય છે. જીવન યાત્રામાં ગુરુ પથદર્શકની ભૂમિકા ભજવે છે.

''ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ, ગુરુ દેવો મહેશ્વર,
ગુરુ સાક્ષાત્, પરબ્રમ્હ, તસ્મૈ શ્રી ગુરુવે નમઃ ''

આ શ્લોકમાં ગુરુને વંદન કરવામાં આવ્યા છે. ગુરુ શિષ્યના સંબંધને નાત જાતના ભેદભાવ નડતા નથી.

એવું માનવામાં આવે છે કે, ભગવાન શંકર ગુરુ પૂર્ણિમાના દિવસે સપ્તઋષિને યોગ શિખવાડે છે. ગુરુનું ઋણ અદા કરવાનો અવસર એટલે ગુરુ પૂર્ણિમા. ઘણી સ્કૂલ અને કોલેજોમાં ગુરુ શિષ્યનો પર્વ ઉત્સાહ સાથે ઉજવવામાં આવે છે. જયાં શિષ્ય પોતાના ગુરુનું સન્માન કરે છે અને તેને અજ્ઞાનરૂપી અંધકારમાંથી બહાર લાવવા માટેનું તેનું ઋણ અદા કરે છે. આપણા જીવનમાં ગુરુઓનું મહત્ત્વ માત્ર શૈક્ષણિક ક્ષેત્રે જ નથી, પરંતુ વ્યાપક અર્થમાં છે.

ગુરુઓ તે વ્યકિત્વ છે જે કર્મયોગના આધારે માનવજાત સાથે તેમના જ્ઞાનને ઉજાગર કરે છે. સામુહિક કેલેન્ડર મુજબ આ તહેવાર જુલાઈ-ઓગસ્ટ મહિનામાં આવે છે. આ પ્રસંગે જ્ઞાનના ભાવની પૂજા કરવામાં આવે છે. ગુરુ પૂર્ણિમાના દિવસે ઘણા મંદિરોમાં 'વ્યાસ પૂજા' કરવામાં આવે છે.



*- By Rudra Parmar*
*(9th - GB)*

# કાગડો અને બાજની શીખ

એક સમયે, એક પર્વતની ટોચ પર એક બાજ રહેતો હતો. પર્વતના તળિયે એક વટવૃક્ષ હતું, જ્યાં એક કાગડો દરરોજ બેસવા આવતો. આ કાગડો ખૂબ મૂર્ખ હતો અને એ હંમેશા બીજાઓની નકલ કરતો.

દરરોજ બાજ પોતાના ભોજનની શોધમાં પર્વત પરથી ઉડીને જતો. કાગડો બાજને ઉંચાઇએ ચક્કર મારતો અને પોતાના શિકારને જોઈને ઝડપથી નીચે ઉતરતો જોતો. બાજને લાંબા અંતર સુધી જોઈ શકતી આંખોનો આશીર્વાદ મળેલો હતો, જે પર્વતની ટોચ પરથી જ પોતાના શિકારને જોઈ શકતો અને પકડી શકતો.

કાગડો, બાજની કુશળતાથી ઈર્ષા ધરાવતો, વિચારી રહ્યો હતો, 'જો બાજ આ કરી શકે છે, તો હું પણ કરી શકું છું. હું સાબિત કરીશ કે હું પણ તેટલો જ સક્ષમ છું.'

કેટલાક દિવસો પછી, કાગડો બાજની શિકાર પદ્ધતિની નકલ કરવાનો નિર્ણય કર્યો. એક દિવસ, જયારે બાજ આકાશમાં ચક્કર મારી રહ્યો હતો, ત્યારે ઝાડીઓમાંથી એક બચ્ચો ખિસકોલો બહાર આવ્યો. બાજ અને કાગડો બંનેએ તેને જોયું.

કાગડો કંઈ કરી શકે તે પહેલાં, બાજે ઝડપથી ઉડીને ખિસકોલાને પકડી લીધો અને જોરથી ઉડી ગયો. બાજની કુશળતા અને ઝડપથી ચોંકી ગયેલો કાગડો વિચારી રહ્યો હતો, ''આ તો તેટલું મુશ્કેલ નથી.''

થોડા સમય પછી, કાગડાએ એક મોટો ઉંદર જોયો, જે પોતાની બારમાંથી બહાર આવ્યો હતો. બાજની સફળતાની નકલ કરવા માટે ઉત્સાહિત, કાગડો ઉંદર તરફ ઉડી ગયો. પરંતુ, ઉંદર એ કાગડાને જોઈને જલ્દીથી ભાગી ગયો, અને કાગડો પર્વત સાથે અથડાઈ ગયો. ''અરે!'' કાગડાએ પીડામાં ચીસો પાડી.

તે સમયે બાજ પાછો આવીને નિકટ ઉતર્યો. ''મને આશા છે કે તું શીખી ગયો હશે કે શિકાર કરવો સહેલો નથી અને નકલ કરવી પણ સમજદારી નથી,'' બાજે કહ્યુ અને ઉડી ગયો.

આ દિવસ પછી, કાગડાએ કયારેય બીજાની નકલ કરવી નથી. તે પોતાનાં કુદરતી ગુણોમાં આનંદી બનીને જીવતો રહ્યો.

*- By Dhruvit Bhadiyadra*
*(Social Science faculty)*



# The Selfless Clerk and the Grand Hotel

One stormy night many years ago, an elderly couple entered the lobby of a small hotel in Philadelphia, seeking shelter from the relentless rain. They approached the front desk, hopeful to find a room for the night.

We'd like a room, please," the husband requested.

The clerk, a warm and friendly man named James, explained with a smile that due to three conventions in town, the hotel was fully booked. "All our rooms are taken," he said. "But I can't send a nice couple like you out in the rain at one o'clock in the morning. Would you be willing to stay in my room? It's not a suite, but it will be comfortable for the night.

When the couple hesitated, James insisted, "Don't worry about me; I'll be just fine," he assured them. His genuine concern and hospitality convinced the couple to accept his offer.

Reluctantly, the couple agreed to spend the night in his room. The next morning, as they checked out, the elderly man praised James, "You are an exceptional person. It's rare to find people who are both friendly and helpful these days. You are the kind of manager who should run the best hotel in the United States. Perhaps one day I will build one for you."

Two years later, James was still managing the small hotel in Philadelphia when he received an unexpected letter from the old man. The letter recalled that stormy night and included a round-trip ticket to New York, inviting James for a visit. Curious and intrigued, James accepted the invitation.

Upon his arrival in New York, the old man, named Henry, met him and took him to the corner of Fifth Avenue and 34th Street. There stood a grand new building, a palace of reddish stone with turrets and watchtowers reaching for the sky.

"That", Henry said, pointing to the magnificent structure, "is the hotel I'd like you to manage."

Henry's full name was Henry Whitaker, a prominent businessman, and the grand building was the newly constructed Whitaker-Astoria Hotel. The clerk, who became its first manager, was James Porter.

James was astounded by the opportunity before him. His simple act of selfless service had led him to manage one of the world's most prestigious hotels. He realized that true success is achieved not just through service, but through extravagant, sacrificial service.

James's journey from a small hotel clerk to the manager of a grand hotel demonstrated the profound impact of genuine kindness and selflessness. When someone goes out of their way to help you, it can make all the difference in the world.



*- By Dhruvit Bhadiyadra*
*(Social Science faculty)*

# Think-A-Thon

## ચાર આફત

એક રાજકુંવર હતો. તે સામેના દેશની રાજકુંવરીનાં સ્વયંવરમાં જતો હતો. રસ્તામાં તેને એક જ્યોતિષ મળ્યાં. તેને કહ્યું કે તુ જે કુંવરીના સ્વયંવરમાં જાય છે તે કુંવરી જો તારી સાથે લગ્ન કરશે તો ચાર આફત આવશે. એ ચાર આફતમાંથી તું પસાર થઈશ તો તેને રાજકુંવરી પરણીને તારી રાણી બનશે.

કુંવરે પુંછ્યું 'કઈ ચાર આફતો?' તો જ્યોતિષ કહ્યું, ''પહેલી આફત એ કે તું પરણીને પરત આવીશ ત્યારે રસ્તામાં એક વૃક્ષ નીચે રાત વિતાવીશ ત્યારે તને સાપ આવીને કરડશે. બીજી આફત એ કે જો તું સાપથી બચી જઈશ તો રસ્તામાં તારી ઉપર ઝાડવાની ડાળી પડશે અને તું મૃત્યુ પામીશ. ત્રીજી આફત એ છે કે ગામમાં પ્રવેશ વખતે તું ઘોડા ઉપરથી પડીશ અને મૃત્યુ પામીશ અને જો બચી જઈશ તો ચોથી આફત એ છે કે આ બધી વાત તું રાજકુંવરીને કરીશ, તો તું પથ્થરમાં ફેરવાઈ જઈશ. અને જ્યારે બત્રીસ લક્ષણો પુરુષ પોતાનું લોહી છાંટશે તો તું ફરીવખત પથ્થરમાંથી રાજકુંવર બની જઈશ.

રાજકુંવર જ્યોતિષે બતાવેલી ત્રણ આફતોને સિફતપૂર્વક પાર કરી પરંતુ તે જ્યારે ઘરે આવ્યા ત્યારે રાણીને રાજકુંવરના વર્તનમાં શંકા ગઈ! અને તેને રસ્તામાં ત્રણ વખત કરેલી વર્તણૂકના રહસ્યને જાણવા ખુબજ પ્રયત્ન કર્યો પણ કુંવર એકનો બે ન થયો.

ત્યારે કુંવરીએ જીભ કચેડીને, મરી જવાની વાત કરી ત્યારે રાજકુંવરે ના છુટકે બધા રહસ્યો જણાવી દીધા પછી તરત જ રાજકુંવર પથ્થર બની ગયો ત્યારે રાજકુંવરી પથ્થર ઉપર માથા પછાડી પછાડીને મરી ગઈ. આ વાતને બે વર્ષ વીતી ગયાં, કુંવરના પથ્થરમાંથી માણસ બનાવવના રહસ્યને તેનો પ્રધાન જાણતો હતો પણ તેવો બત્રીસ લક્ષણો પુરુષ શોધવો ક્યાંથી?

આખું નગર .... અને રાજા-રાણી બધા જ રાજકુંવર અને માથા પછાડીને મૃત્યુ પામેલ રાજકુંવરીના સજીવ થવાની રાહમાં ..... બત્રીસ લક્ષણો પુરુષની શોધમાં આખા ભારતમાં ફરી વળ્યાં પણ બત્રીસ લક્ષણો માનવી મળ્યો નહિ !

હવે શું થશે ?

તે આવતાં અંકે ....................



*- By Tirthadityasinh Gohil*
*(9th - GB)*

# Achievement

- ખેલ મહાકુંભ અન્ડર-17 ની રાજ્યકક્ષાની સ્કેટીંગ સ્પર્ધા તા. 12/13-જૂન 2024 દરમ્યાન અદાણી સ્પોર્ટસ રીવર ફ્રન્ટ-અમદાવાદ ખાતે યોજાયેલ જેમાં ધોરણ-10 GA માં અભ્યાસ કરતા **હાર્દ નિરવભાઈ ઉપાધ્યાયે** 500 મીટર રીંક રેસમાં ગોલ્ડ મેડલ અને 1000 મીટર રીંક રેસમાં બ્રોંઝ મેડલ મેળવી શાળા તથા ભાવનગરનું ગૌરવ વધારેલ છે.




- 28 જુલાઈ 2024 ના રોજ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ભાવનગર ખાતે યોજાયેલ 1st ઓપન સૌરાષ્ટ્ર ટેકવોન્ડો વર્કશોપ અને કોમ્પિટિશનમા 9/ED ના **યશસ્વીબા ઝાલાએ ગોલ્ડ મેડલ** અને **અનુશા ખોખરે** બ્રોન્ઝ મેડલ મેળવી શાળાનુ ગૌરવ વધાર્યુ છે. બંને દિકરીઓને ખૂબ ખૂબ અભિનંદન






# માહિતીનો મહાસાગર

# Facts about Sombrero galaxy

The Sombrero galaxy devices its name from the Sombrero hat because of the halo surrounding. It's disc is unusually large, making it look like a hat.

In Sombrero galaxy, the dust ring is the primary site of star formation.

Sombrero galaxy can be seen on a dark night by people with ordinary binoculars. It can be seen during spring and early summer between the constellations Corpus and Virgo.

In Sombrero galaxy, there are 200 globular clusters around them and the number could be related to the size of the central bulge.



Distance : 29 Million ly

Constellations : Virgo

Type : Spiral

Diameter : 50,000 ly

Mass : 800 billion M

Messier object 104, M104 and NGC4594 are other names of Sombrero galaxy.

Pierre Mechain first discovered the Sombrero galaxy in 1781, but not officially included in the Messier catalouge until 1921.

There is a supermassive black hole at the heart of Sombrero galaxy. The observations of star motions near the black hole suggest it could have the mass of a billion suns, perhaps the most unassive of any black hole found so far at the heart of a galaxy.

The size of Sombrero galaxy is about 3/10 the size of the Milky way for galaxy.

NASA's Hubble space telescope and spritzer telescope have been used Sombrero in visible and infrared light.

The star birth against stand out in infrared wavelengths are mostly located along the outer rim of the dust, ring surrounding the galaxy core.



*- By Manthan Vaidya*
*(7th - Eng)*

# Train Your Brain

Panda's favourite food is bamboo. Their diet consists of 99% of bamboo. They spend 12-16 hours per day on eating only !

In nearly 40 seconds, pandas can reel and eat a bamboo stick. They sit while eating.

The teeth of pandas are seven times bigger than in humans ! Their big teeth help then to chew bamboo sticks.

Pandas use II different sounds to communicate.

All gaint pandas in the world are on loan from china !

Pandas are 5 times more expensive to keep than elephants ; in zoos. The bamboo they eat and the security for them, make it costly to maintain them.



*- By Neel Gohel*
*(8th - EB)*

# Unknown Freedom Fighters



## રામ પ્રસાદ બિસ્મિલ

રામ પ્રસાદ બિસ્મિલ (11 જૂન 1897 - 19 ડિસેમ્બર 1927) ભારતીય ક્રાંતિકારી હતા. તેમણે 1918ના મેનપુરી ષડયંત્ર તથા 1925ની કાકોરી ટ્રેન લૂંટમાં ભાગ લીધો હતો અને બ્રિટીશ સામ્રાજ્યવાદ વિરુદ્ધ સંઘર્ષ કર્યો હતો. સ્વાતંત્ર્ય સેનાની હોવાથી સાથોસાથ તેઓ દેશભકત કવિ પણ હતા. રામ, અજ્ઞાત તેમજ બિસ્મિલ ઉપનામથી તેમણે હિન્દી તથા ઉર્દૂમાં કવિતાઓ લખી હતી. જે પૈકી તેઓ બિસ્મિલ તરીકે વધુ જાણીતા થયા. તેઓ આર્ય સમાજ સાથે સંકળાયેલા હતા જ્યાં તેઓ સ્વામી દયાનંદ સરસ્વતી લિખિત સત્યાર્થ પ્રકાશથી પ્રભાવિત થયા. આર્ય સમાજના પ્રચારક અને તેમના ગુરુ સ્વામી સોમદેવના માધ્યમથી તેઓ લાલા હરદયાળ સાથે ગુપ્ત પરિચય ધરાવતા હતા.

બિસ્મિલ ક્રાંતિકારી સંગઠન હિંદુસ્તાન રિપબ્લીક એસોસિયેશનના સંસ્થાપક સદસ્યો પૈકી એક હતા. ભગત સિંહે હિંદી અને ઉર્દૂ કવિ તરીકે તેમની પ્રશંસા કરી હતી. બિસ્મિલે અંગ્રેજી પુસ્તક કેથરીન અને બંગાળી પુસ્તક બોલ્શેવિકોકી કરતૂતનો અનુવાદ પણ કર્યો હતો.

એમનો જન્મ 11 જૂન 1897ના રોજ ઉત્તર પ્રદેશ રાજ્યમાં આવેલા શાહજહાંપુર નગરમાં થયો હતો. એમના પિતા મુરલીધર, શાહજહાંપુર નગરપાલિકામાં કામ કરતા હતા. બિસ્મિલને હિન્દી ભાષા તેમના પિતા તરફથી શીખવા મળી જ્યારે ઉર્દૂ ભાષાનું જ્ઞાન તેમણે મૌલવી પાસેથી મેળવ્યું હતું. પિતાની મરજી વિરુદ્ધ તેમને અંગ્રેજી માધ્યમની શાળામાં દાખલ કરવામાં આવ્યા હતા. તેઓ આર્ય સમાજ સાથે પણ જોડાયા હતા. યુવાવસ્થાથી જ તેઓ ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં જોડાયેલાં હતા. બિસ્મિલે અન્ય ક્રાંતિકારીઓ સાથે મળીને ક્રાંતિકારી સંગઠન હિંદુસ્તાન રિપબ્લીક એસોસિયેશનની સ્થાપના કરી જે પાછળથી હિંદુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લીક એસોસિયેશન નામથી જાણીતું થયું. આ સંગઠનનો મુખ્ય ઉદ્દેશ સશસ્ત્ર ક્રાંતિ દ્વારા ભારતને સ્વરાજ અપાવવાનો હતો. હિંદુસ્તાન રિપબ્લીકન એસોશીએશનના સક્રિય સભ્ય તરીકે સંગઠન માટે ફાળો એકત્ર કરવાનું કામ કરવા લાગ્યા. ફાળો મુખ્યત્ત્વે સરકારી ખજાનાની લૂંટ કરીને મેળવવામાં આવતો. તેઓ 1925ની કાકોરી ટ્રેન લૂંટમાં સામેલ હતા. આ ઉપરાંત બીચપુરી અને મેનપુરી ષડયંત્રમાં પણ સામેલ હતા.

9 ઓગસ્ટ 1925ના દિવસે થયેલ કાકોરી કાંડના સંદર્ભે તેમના પર કેસ ચાલ્યો અને કેસની સુનાવણી બાદ બિસ્મિલ, અશફાક ઉલ્લા ખાન, ઠાકુર રોશન સિંહ, રાજેન્દ્રનાથ લાહિડી સહિતના બધાને ફાંસીની સજા થઈ અને 19 ડિસેમ્બર 1927ના દિવસે ગોરખપુરની જેલમાં રામ પ્રસાદ બિસ્મિલને ફાંસી આપી દેવામાં આવી.

શહીદ સ્મારક સમિતિ શાહજહાંપુર દ્વારા શહેરના ખીરની બાગ મહોલ્લામાં એક સ્મારકની સ્થાપના કરી છે, જ્યાં બિસ્મિલનો જન્મ થયો હતો. આ સ્મારક અમર શહીદ રામ પ્રસાદ બિસ્મિલ સ્મારક તરીકે ઓળખાય છે. બિસ્મિલની 69મી પુણ્યતિથિની પૂર્વ સંધ્યા પર 18 ડિસેમ્બર 1994ના રોજ સફેદ સંગેમરમરની એક પ્રતિમાનું ઉદ્દ્ઘાટન તત્કાલીન રાજ્યપાલ મોતીલાલ વ્હોરા દ્વારા કરવામાં આવ્યું હતું.

ભારતીય રેલવે દ્વારા શાહજહાંપુરથી 11 કિમી દૂર પંડિત રામ પ્રસાદ બિસ્મિલ રેલવે સ્ટેશન બનાવવામાં આવ્યું છે.

19 ડિસેમ્બર 1983ના રોજ તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધી દ્વારા કાકોરી ખાતે કાકોરી કાંડની સ્મૃતિમાં એક સ્મારક બનાવવામાં આવ્યું છે. ભારતીય ટપાલ વિભાગ દ્વારા 19 ડિસેમ્બર 1997ના રોજ બિસ્મિલની જન્મ શતાબ્દીના ઉપલક્ષમાં એક સ્મારક ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી છે.

મેનપુરી ષડયંત્ર દરમિયાન બિસ્મિલે જ્યાં ભૂગર્ભ વસવાટ કર્યો હતો તે રામપુર ગામની નજીક આવેલા ઉદ્યાનને ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા અમર શહીદ પંડિત રામ પ્રસાદ બિસ્મિલ ઉદ્યાન નામ આપવામાં આવ્યું છે.



*- By Paras Makwana*
*(Social Science faculty)*

# Life Values

## Importantance of values and skills

- **What are Values?**
  - Values are like your compass. They show you what's right and what's wrong and help you make the right choice. Thing about kindness, honesty, respect. These values make great friends and a super person.
- **Why are Values important ?**
  - When you follow your valve, you feel proud of your self. It's like a weapon, a super (weapon! values help build) strong friendship and make your family proud.
- **What are skills?**
  - Skill are like tools in your back pack. They help you do all kinds of cool stuff ! There are skills for drawing, reading, playing sport and even for helping others. The more skills you learn, the more amazing things you can do.
- **Why are skills awesome ?**
  - Skill make you smarter and more helpful. They let you solve puzzle games better and even learn new things faster. Imagine, each skill is a key that unlock adventure.

*"The expert in anything was once a beginner"*



- By Dhvanit Bhadiyadra
($6^{th}$ - Eng)

# Value of Life

If anything that god has given us in this world is important then anything is as precious as the life one would turn as insignificant as any menter being. All living beings on earth manifest life in several ways. From the microscopic algae to the gigantic beast and humans, life's pulse carries us forward, life helps to enjoy the earth and all its resources.

Through it, we experience both, pain and pleasure; and become stronger. Human life is the most diverse of all life forms on earth, since it has knowledge of birth and death.

Hence it meticulously streamlines life's fruitful conclusion. Life on earth exists to deliver love and compassion, help, assistance and bonding.



*- By Dhvani Sardhara*
*(6th - Eng)*

# સંભારણું

## ભણતરનો ભાર હળવો કરવા રમતનાં મેદાનમાં મગ્ન ખેલાડીઓ









## પ્રકૃતિના ખોળે શિક્ષણ





# ગુરુ પૂર્ણિમાની ઉજવણી











વ્હાલા વિદ્યાર્થી મિત્રો તેમજ વાલીગણ
નમસ્કાર,



OAJ Institute of Science હવેથી દર મહિનાની 5 મી તારીખથી Monthly Magazine પ્રકાશિત કરવા જઈ રહ્યું છે જેનું નામ છે ''ઓજત્વ''. આ Magazine (ઓજત્વ) ના માધ્યમથી મારો નાનો એવો એક પ્રયત્ન એ છે કે વિદ્યાર્થી જીવનમાં પડતી મુશ્કેલીઓનો સામનો વિદ્યાર્થી કેવી રીતે કરી શકે તેવી પ્રેરણા મળે. અને તે માટેની પ્રેરણાત્મક નાની-મોટી વાતો આપણે અહીં કરતા રહેશું. તેમજ પરમાત્માને પ્રાર્થના કે આપ દરેક વિદ્યાર્થી ખુબ જ ઓજસ્વી બનતા રહો.

આપનો,
**ધિરેન સોની**
Managing Director
OAJ Institute of Science

## ... શિક્ષક માટે ...

शमो दमस्तपः शौचं क्षान्तिरार्जवमेव च ।
ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ।।४२ ।।

મનનો નિગ્રહ, ઈંદ્રિયોનું દમન, તપ, પવિત્રતા, ક્ષમા,
સરળતા, શાસ્ત્રોનું જ્ઞાન, આત્મા અને પરમાત્માનો અનુભવ
તેમજ આસ્તિકતા - આ શિક્ષકનાં સ્વભાવજન્ય કર્મો છે.(૪૨)

**શ્રીમદ્ ભગવદ્ ગીતા અધ્યાય - ૧૮**

## ... વિદ્યાર્થી માટે ...

सुख दुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ।
ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि ।।३८ ।।

સુખ-દુઃખને, લાભ-અલાભને તથા જય-પરાજયને
સમાન ગણી યુદ્ધ માટે તું જોડાઈ જા;
એ રીતે યુદ્ધ કરવાથી તું પાપને પામીશ નહીં. (૩૮)

**શ્રીમદ્ ભગવદ્ ગીતા અધ્યાય - ૨**

OAJATVA

ઓજત્વ

A Magazine by OAJ EDUCATION SYSTEM

Honesty • Transparency • Dedication

OAJ®

INSTITUTE OF SCIENCE

**OAJ INSTITUTE OF SCIENCE**

**BHAVNAGAR. Mo. : 7433050505.**

**www.oajinstitute.com**